SKS SWAMINARAYAN TEMPLE
EAST LONDON

# નિત્ય નિયમ

**શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર**

**ઈસ્ટ લંડન**



SKS SWAMINARAYAN TEMPLE

EAST LONDON

# નિત્ય નિયમ

<u>પ્રેરક</u>

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**

<u>સંપાદક</u>

**શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડન**
**યુવક મંડળ**


<u>મુદ્રક</u>

**ભારત માં મૂદ્રિત**

<u>પ્રત</u>

**૧૦૦૦**

<u>બીજી આવૃત્તિ</u>

શ્રી ઘનશ્યામ મહોત્સવ, ૩૦મો વાર્ષિક પાટોત્સવ

<u>દાતા</u>

પ. ભ. રોશની કરસન તથા પ. ભ. પુનિત કરસન વેલજી ગોરસીયા
અ. વા. દાદા શ્રી વેલજી જાદવા ખોડા ગોરસીયા તથા અ. વા. દાદી શ્રી રામબાઈ વેલજી ગોરસીયા ની પ્રસન્નતાર્થે
ગામઃ સુખપુર (નવોવાસ)

<u>પ્રકાશક</u>

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર
ઈસ્ટ લંડન
(Under Shree Nar-Narayan Dev Temple Bhuj Kutch India)



Swaminarayan House, 22-24 Shaftesbury Road, Forest Gate, London E7 8PD
**T**: +44 (0)20 8470 9375
**E**: info@SwaminarayanMandir.org.uk, **W**: www.SwaminarayanMandir.org.uk
Registered Charity No.: 295655



**© શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડન, ૨૦૧૫**

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

Per.Sec./29/08 - 09

Dt.28.08.2008

## આજ્ઞા પત્ર

પ્રતિ શ્રી,
શ્રી ક.સ.સ્વામીનારાયણ મંદિર,
ઈસ્ટ લંડન.

આપના પત્ર તા.૧૧.૦૮.૨૦૦૮ ના અનુસંધાનમાં જણાવવાનું કે આપના તરફથી સત્સંગી માત્રને જરુરી એવા અને શ્રી હરિએ સ્વમુખે કહેલા નિત્ય નિયમોને " નિત્ય નિયમ " નામથી પુસ્તકસ્વરુપે સંપ્રદાયમાં પ્રકાશિત કરવા આથી આપને શુભાશીર્વાદ સહ આજ્ઞા આપવામાં આવે છે.

આ પ્રકાશન સત્સંગી માત્ર માટે ભકિત સંવર્ધનનું અમૂલ્ય સાધન બની રહે તેવી શ્રી નરનારાયણદેવના શ્રી ચરણ કમળમાં પ્રાર્થના સહ.

શુભાશીર્વાદ સહ

આજ્ઞાથી,

પર્સનલ સેક્રેટરી
પ.પુ.ધ.ધુ.આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર - અમદાવાદ



Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

ટ્રસ્ટ રજી. નં. A ૨૩ કચ્છ. ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ફોન : ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧
ફેક્સ : ૨૫૦૧૩૧

**SHREE SWAMINARAYAN TEMPLE**

SWAMINARAYAN ROAD, POST BHUJ (KUTCH) 370 001

**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ (કચ્છ)**

તા...................................

Date: 13th August 2008

President
Shree Kutch Satsang Swaminarayan Temple
East London
London - UK

Jay Shree Swaminarayan

We are delighted that the Temple has produced "Nitya Niyam" in English and Gujarati. Nitya Niyam plays a very important part in everyday Bhakti. Shreeji Maharaj himself has said that Kirtan Bhakti is the best means of pleasing Bhagwan in the Kaliyug. This Nitya Niyam book will encourage satsangis in the western society to engage in daily Nitya Niyam activities. We pray to Lord Shree Swaminarayan to shower his blessings upon all devotees.

Purani Dharmanandandasji

S.G. Mahant Purani Swami Shree Dharmanandan Dasji

સ.મંહત પુરાણી સ્વામિ ધર્મનંદન દાસજી.
સ્વામિનારાયણ વાંચશોજી






શ્રી નરનારાયણ દેવ - અમદાવાદ



શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલ



શ્રી નરનારાયણ દેવ - ભુજ



શ્રી મદમોહનજી મહારાજ - ધોલેરા



શ્રી રાધારમણ દેવ - જૂનાગઢ



શ્રી ગોપીનાથજી મહારાજ - ગઢપુર



અમદાવાદ મંદિર
શ્રી નરનારાયણદેવ
વિ.સં. ૧૮૭૮ (A.D. ૧૮૨૨)



ભૂજ મંદિર
શ્રી નરનારાયણદેવ
વિ.સં. ૧૮૭૯ (A.D. ૧૮૨૩)






વડતાલ મંદિર
શ્રી લક્ષ્મીનારાયણદેવ
વિ.સં. ૧૮૮૧ (A.D. ૧૮૨૩)



ધોલેરા મંદિર
શ્રી મદનમોહનજી મહારાજ
વિ.સં. ૧૮૮૨ (A.D. ૧૮૨૬)



જુનાગઢ મંદિર
શ્રી રાધારમણદેવ
વિ.સં. ૧૮૮૪ (A.D. ૧૮૨૮)



ગઢડા મંદિર
શ્રી ગોપીનાથજી મહારાજ
વિ.સં. ૧૮૮૫ (A.D. ૧૮૨૮)

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | આરતી- જય સદ્ગુરુ સ્વામી | ૧ |
| ૨ | જય | ૧ |
| ૩ | સ્તુતિ | ૧ |
| ૪ | થાળ ૧ - જમો થાળ, તમે જમો-જમોને | ૩ |
| ૫ | થાળ ૨ - તમે જમો જમોને | ૩ |
| ૬ | લેતા જાઓ રે સાંવરીયા | ૪ |
| ૭ | કીર્તન ૧ - સવારે ગોમતી ગયા ભગવાન | ૫ |
| ૮ | જય | ૫ |
| ૯ | ગોડી ૧ - સંત પરમ હિતકારી | ૬ |
| ૧૦ | ગોડી ૨ - સંત સમાગમ કીજે | ૬ |
| ૧૧ | આરતી - આરતી પ્રગટ પ્રભુજીકી કીજે | ૬ |
| ૧૨ | રામકૃષ્ણ ગોવિંદ | ૭ |
| ૧૩ | શ્રી રાધિકાકૃષ્ણાષ્ટક | ૭ |
| ૧૪ | જય | ૮ |
| ૧૫ | નિર્વિકલ્પ ઉત્તમ અતિ | ૮ |
| ૧૬ | દંડવત સ્તુતિ | ૯ |
| ૧૭ | થાળ ૩ - રૂડી રાંધી મેં રસિયાજી | ૧૧ |
| ૧૮ | થાળ ૪ - જમોને જમાડું રે જીવન મારા | ૧૨ |
| ૧૯ | લેતા જાઓ રે સાંવરીયા | ૧૩ |
| ૨૦ | કિર્તન ૨ - મહારાજ આજ વડતાલથી આવશે | ૧૩ |
| ૨૧ | કિર્તન ૩ - તારી મૂર્તિ રે | ૧૪ |
| ૨૨ | ચેષ્ટા - પ્રથમ શ્રીહરિને રે | ૧૫ |
| ૨૩ | ઓરા આવો શ્યામ | ૨૨ |
| ૨૪ | હવે મારા વ્હાલાને | ૨૩ |
| ૨૫ | પોઢે પ્રભુ સકળ | ૨૪ |
| ૨૬ | રે શ્યામ તમે | ૨૪ |
| ૨૭ | વંદુ સહજાનંદ | ૨૫ |
| ૨૮ | પોઢો પોઢો સહજાનંદ | ૨૮ |
| ૨૯ | પોઢો પ્રાણના આધાર | ૨૮ |
| ૩૦ | જય | ૨૯ |
| ૩૧ | જનમંગલ નામાવલિ | ૨૯ |
| ૩૨ | ફગવા | ૩૩ |
| ૩૩ | હનુમાન ચાલિસા | ૩૪ |
| ૩૪ | પ્રાર્થના - નમન હું કરુ | ૩૬ |

## આરતી - જય સદ્‌ગુરુ સ્વામી



જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી................ જય સદ્‌ગુરુ સ્વામી,
ચરણ સરોજ તમારાં, વંદુ કર જોડી (૨)
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યા તોડી............. જય સદ્‌ગુરુ સ્વામી,
નારાયણ નર ભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી............ જય સદ્‌ગુરુ સ્વામી,
નિત્ય નિત્ય નૌત્તમલીલા, કરતા અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી............. જય સદ્‌ગુરુ સ્વામી,
પુરુષોત્તમપ્રગટનું જે દર્શન કરશે (૨)
કાળકર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે............. જય સદ્‌ગુરુ સ્વામી,
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમકરી સિદ્ધિ............. જય સદ્‌ગુરુ સ્વામી,
જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી................ જય સદ્‌ગુરુ સ્વામી,

બોલો
શ્રી નરનારાયણદેવની જય
શ્રી ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી રાધાકૃષ્ણદેવની જય
શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

## સ્તુતિ

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા,
દાતા તમે સકળ મંગળ શાંતિ દાતા,

માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરુ હું પ્રણામ, ॥

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચારી,
જેના રોમ સુચિદ્રમાં અણુસમા, કોટી બ્રહ્માંડ ફરે ॥
માયા કાળ રવિ શશી સુરગનો, આજ્ઞા ના લોપે ક્ષણ
એવા અક્ષરધામના અધિપતિ, શ્રી સ્વામિનારાયણ ॥

અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમવૃતિ રાખો, ।
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ
સાષ્ટાંગ નાથ તમને કરું પ્રણામ. ॥

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈં તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલાવ્યો યજ્ઞાદિ મોટા કર્યા
મોટાં ધામ રચ્યાં રહ્યાં ગઢપુરે બે દેશ ગાદી કરી
અંતર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચારી ।

ચંપો ગુચ્છ ગુલાબના હરિજનો, હારો ઘણાં લાવીને
પુરી છે નિજ હામ ભક્તિસુતને પ્રેમેથી પહેરાવીને
વાઘોને સુરવાળ સેજ ફુલની ધારી શીરે પાઘડી
કંદોરો કેડમાં કડા ચરણમાં તોરા તથા ચાખડી
કાને કુંડળ આજુ બાજુ ફૂલના, ઉરે ઘરી ઉતરી
ઉતારી શુભ આરતી સ્તુતિ કરી, રાજી રહેજો શ્રીહરિ ।

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમદેવ દેવ ॥

માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરુ હું પ્રણામ, ॥

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચારી,
જેના રોમ સુચિદ્રમાં અણુસમા, કોટી બ્રહ્માંડ ફરે ॥
માયા કાળ રવિ શશી સુરગનો, આજ્ઞા ના લોપે ક્ષણ
એવા અક્ષરધામના અધિપતિ, શ્રી સ્વામિનારાયણ ॥

અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમવૃતિ રાખો, ।
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ
સાષ્ટાંગ નાથ તમને કરું પ્રણામ. ॥

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈં તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલાવ્યો યજ્ઞાદિ મોટા કર્યા
મોટાં ધામ રચ્યાં રહ્યાં ગઢપુરે બે દેશ ગાદી કરી
અંતર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચારી ।

ચંપો ગુચ્છ ગુલાબના હરિજનો, હારો ઘણાં લાવીને
પુરી છે નિજ હામ ભક્તિસુતને પ્રેમેથી પહેરાવીને
વાઘોને સુરવાળ સેજ ફુલની ધારી શીરે પાઘડી
કંદોરો કેડમાં કડા ચરણમાં તોરા તથા ચાખડી
કાને કુંડળ આજુ બાજુ ફૂલના, ઉરે ઘરી ઉતરી
ઉતારી શુભ આરતી સ્તુતિ કરી, રાજી રહેજો શ્રીહરિ ।

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમદેવ દેવ ॥
નિજા શ્રિતાનાં સકલાર્તિહન્તા,

સદ્ધર્મ ભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં
તનોતુ કૃષ્ણોખિલ મંગલંનઃ ॥
શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય

ધૂન - સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ.............

## થાળ ૧ - જમો થાળ જીવન

જમો થાળ જીવન જાઉં વારી; ધોઉં કર ચરણ કરો ત્યારી ......... જમો થાળ ૦
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી .................................. જમો થાળ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી .................................. જમો થાળ ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધ પાક માલપુવા કઢી;
પૂરી પોંચી થઈ છે ઘીમાં ચડી ............................ જમો થાળ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું હું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી ............................... જમો થાળ ૪
ચળુ કરો લાવી હું જળઝારી એલચી લવીંગ સોપારી ;
પાન બીડી બનાવી સારી .................................. જમો થાળ ૫
મુખવાસ મનગમતાં લઈને, પ્રસાદી થાળી તણી દઈને;
બેસો સિંહાસન રાજી થઈને ............................ જમો થાળ ૬
કમરે કસીને ફેંટો, રાજેશ્વર ઓઢીને રેંટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો ................................ જમો થાળ ૭

## થાળ ૨ - તમે જમો જમોને

તમે જમો જમોને મારા ઠાકરીયા
હરિવર મારે હાથ જમાડું, સુંદર લાડું સાકરયા ............. તમે ૧

સદ્ધર્મ ભક્તેરવનં વિધાતા                    ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં
તનોતુ કૃષ્ણોખિલ મંગલંનઃ                    ॥
શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય

ધૂન - સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ.............

## થાળ ૧ - જમો થાળ જીવન

જમો થાળ જીવન જાઉં વારી; ધોઉં કર ચરણ કરો ત્યારી ......... જમો થાળ ૦
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી .................................. જમો થાળ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ધૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી .................................. જમો થાળ ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધ પાક માલપુવા કઢી;
પૂરી પોંચી થઈ છે ઘીમાં ચડી ............................. જમો થાળ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું હું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી ............................... જમો થાળ ૪
ચળુ કરો લાવી હું જળઝારી એલચી લવીંગ સોપારી ;
પાન બીડી બનાવી સારી .................................. જમો થાળ ૫
મુખવાસ મનગમતાં લઈને, પ્રસાદી થાળી તણી દઈને;
બેસો સિંહાસન રાજી થઈને ............................ જમો થાળ ૬
કમરે કસીને ફેંટો, રાજેશ્વર ઓઢીને રેંટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો ................................ જમો થાળ ૭

## થાળ ૨ - તમે જમો જમોને

# સાંજના

## ગોડી ૧- સંત પરમ હિતકારી

| | |
|---|---|
| સંત પરમ હિતકારી જગતમાંહી... | સંત—ટેક |
| પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી... | જગત ૧ |
| પરમ કૃપાળુ સકળ જીવન પર, હરિસમ સબદુ:ખહારી... | જગત ૨ |
| ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી... | જગત ૩ |
| બ્રહ્માનંદ કહે સંત કી સોબત, મિલત હે પ્રગટ મોરારી... | જગત ૪ |

## ગોડી ૨ - સંત સમાગમ કીજે

| | |
|---|---|
| સંત સમાગમ કીજે, હો નિશદિન... | સંત—ટેક૦ |
| માન તજી સંતન કે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો... | નિશ ૧ |
| અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે હો... | નિશ ૨ |
| ભવદુ:ખ ટળે બળે સબદુષ્કીત, સબવિધિ કારજ સીજે હો... | નિશ ૩ |
| બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફળ કરી લીજે હો... | નિશ ૪ |

## આરતી - આરતી પ્રગટ પ્રભુજી કી કીજે

| | |
|---|---|
| આરતી પ્રગટ પ્રભુજી કી કીજે, | |
| ચરણ કમળ લખી અંતર લીજે ............... | આરતી.. |
| સનકાદિક નારદ ત્રિપુરારી, | |
| વિમલ નામ રટે વારંવારી ............... | આરતી.. |
| અનંત કોટી ભુવનેશ ભવાની, | |
| સબ વિધ મહિમા શકત નહિ જાની ............... | આરતી.. |
| ધરત ધ્યાન દ્રઢ યોગી મુનિશ્વર, | |
| શેષ સહસ્ત્ર મુખ રટત નિરંતર ............... | આરતી.. |
| નર નાટક ક્ષર અક્ષર ન્યારા, | |
| પુરુષોત્તમ પૂરણ જન પ્યારા ............... | આરતી.. |
| નૌતમ રૂપ અકળ છબી ન્યારી, | |
| બ્રહ્માનંદ જાવત બલિહારી ............... | આરતી.. |

## રામકૃષ્ણ ગૌવિદ

રામકૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ, (૨)
હરેરામગોંવિદ, જય જય ગોવિંદ, (૨)
નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે, (૨)
શ્રીમન્નનારાયણ હરે, શ્રીમન્નાનારાયણ હરે, (૨)
કૃષ્ણદેવ હરે, જય જયકૃષ્ણદેવ હરે, (૨)
જય જય કૃષ્ણદેવ હરે, (૨)
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે, (૨)
વાસુદેવ ગોવિંદ જય જય વાસુદેવ ગોવિંદ, (૨)
જય જય વાસુદેવ ગોવિંદ, (૨)
રાધે ગોવિંદ જય રાધે ગોવિંદ, (૨)
વૃંદાવનચંદ જય રાધે ગોવિંદ, (૨)
માધવમુકુંદ જય માધવમુકુંદ, (૨)
આનંદકંદ જય માધવમુકુંદ, (૨)
નરનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ ...

## શ્રી રાધિકાકૃષ્ણાષ્ટક

નવીનજીમૂતસમાનવર્ણમ્, રત્નોલ્લસત્કુણ્ડલશોભિકર્ણમ્,
મહાકિરીટાગ્રમયુરપર્ણમ્, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૧
નિધાયપાણિદ્વિતીયેનવેણુમ્, નિજાધરે શેખર યા તરેણુમ્,
નિનાદયન્તં ચ ગતૌકરેણું, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૨
વિશુદ્ધહેમોજ્જવલપીતવસ્ત્રં, હતારિયૂથંચવિનાપિશસ્ત્રમ્,
વ્યર્થી કૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૩
અધર્મતિષ્યાર્દિતસાધુપાલમ્, સદ્ધર્મવૈરાસુરસંધકાલમ્,

પુષ્પાદિમાલંવ્રજરાજબાલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૪
ગોપી પ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજન કૃત્પ્રહેલમ્,
સ્કન્ધોલ્લંસત્કુંકુમ ચિહ્ન ચેલમ્શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદ ઉદ્ધરંતમ્,
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસારમ્,
સદૈવસત્પુરુષસૌખ્યકારં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૭
આનંદિતાત્મવ્રજવાસિતોકં, નંદાદિસંદર્શિત દિવ્યલોકમ્,
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૮

બોલો ............

શ્રી નરનારાયણદેવની જય
શ્રી ધર્મ - ભક્તિ હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી રાધાકૃષ્ણદેવની જય
શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

## નિર્વિકલ્પ ઉત્તમઅતિ

નિર્વિકલ્પ ઉત્તમઅતિ, નિશ્ચયતવ ઘનશ્યામ,
મહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ...૧
મોહિમેં તવ ભક્તપનો, તામે કોઈ પ્રકાર,
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ...૨
તુમારો તવ હરિભક્ત દ્રોહ કબુ નહિ હોય,
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ...૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ,

પુષ્પાદિમાલંવ્રજરાજબાલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૪
ગોપી પ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજન કૃત્પ્રહેલમ્,
સ્કન્ધોલ્લંસત્કુંકુમ ચિહ્ન ચેલમ્શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદ ઉદ્ધરંતમ્,
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસારમ્,
સદૈવસત્પુરુષસૌખ્યકારં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૭
આનંદિતાત્મવ્રજવાસિતોકં, નંદાદિસંદર્શિત દિવ્યલોકમ્,
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ. ...૮

બોલો ............

શ્રી નરનારાયણદેવની જય
શ્રી ધર્મ - ભક્તિ હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી રાધાકૃષ્ણદેવની જય
શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

## નિર્વિકલ્પ ઉત્તમઅતિ

નિર્વિકલ્પ ઉત્તમઅતિ, નિશ્ચયતવ ઘનશ્યામ,
મહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ...૧
મોહિમેં તવ ભક્તપનો, તામે કોઈ પ્રકાર,
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ...૨
તુમારો તવ હરિભક્ત દ્રોહ કબુ નહિ હોય,

એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ...૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ,
એહિ માંગુ કરી વિનય હરિ, સદા રાખીયો પાસ. ...૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનોબાત,
દયાસિંધો ! સ્તવન કરી માગુ વસ્તુ સાત. ...૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ,
તાકુ હોય દ્દઢ વર્તનો શિક્ષાપત્રી પ્રમાણ. ...૬
સો પત્રીમેં અતિ બડે, નિયમએકાદશ જોય,
તાકિવિકિત કહતહું, સુનિયો સબ ચિત્તપ્રોય ...૭
હિંસા ન કરની જંતુકી પરસ્ત્રિયા સંગકો ત્યાગ,
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ ...૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત,
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત ...૯
નિંદત નહિ કોઈદેવકું, બિનખપતો નહિ ખાત,
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત ...૧૦
એહિ ધર્મ કે નિયમમેં વરતો સબ હરિદાસ,
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આસ ...૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત,
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિંશંકજગજીત ...૧૨

શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય

## દંડવત સ્તુતિ

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા..........., ।
દાતા તમે સકળ મંગળ શાંતિ દાતા,..........., ॥

એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ...૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ,
એહિ માંગુ કરી વિનય હરિ, સદા રાખીયો પાસ. ...૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનોબાત,
દયાસિંધો ! સ્તવન કરી માગુ વસ્તુ સાત. ...૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ,
તાકુ હોય દૃઢ વર્તનો શિક્ષાપત્રી પ્રમાણ. ...૬
સો પત્રીમેં અતિ બડે, નિયમએકાદશ જોય,
તાકિવિકિત કહતહું, સુનિયો સબ ચિત્તપ્રોય ...૭
હિંસા ન કરની જંતુકી પરસ્ત્રિયા સંગકો ત્યાગ,
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ ...૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત,
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત ...૯
નિંદત નહિ કોઈદેવકું, બિનખપતો નહિ ખાત,
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત ...૧૦
એહિ ધર્મ કે નિયમમેં વરતો સબ હરિદાસ,
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આસ ...૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત,
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિંશંકજગજીત ...૧૨

શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય

## દંડવત સ્તુતિ

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા..........., ।
દાતા તમે સકળ મંગળ શાંતિ દાતા,..........., ॥
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ..........., ।
સાષ્ટાંગ નાથ તમને કરુ હું પ્રણામ,..........., ॥

અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો..........., ।
નિત્યે પ્રભુ તવ પદે મમવૃતિ રાખો,..........., ॥
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ..........., ।
સાષ્ટાંગ નાથ તમને કરું પ્રણામ,..........., ॥

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણું સમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ .................. ૧

આવી અક્ષરધામથી શ્રીહરી જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દિલે ધરીને દયા;
કીધાં ચારું ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગળ મૂરતિ ઉર ધરી સર્વોપરી શ્રીહરિ ....................... ૨

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈં તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલાવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી
અન્તર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી................. ૩

ચંપો ગુચ્છ ગુલાબના હરિજનો, હારો ઘણાં લાવીને;
પુરી છે નિજ હામ ભક્તિસુતને, પ્રેમેથી પહેરાવીને;
વાઘોને સુરવાળ સેજ ફૂલની, ધારી શીરે પાઘડી;
કંદોરો કેડમાં કડા ચરણમાં, તોરા તથા ચાખડી;
કાને કુંડળ આજુ બાજુ ફુલના, ઉરે ઘરી ઉતરી;
ઉતારી શુભ આરતિ સ્તુતિ કરી, રાજી રહેજો શ્રીહરિ...............૪
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।

## લેતા જાઓ રે સાંવરીયા

લેતા જાઓ રે સાંવરીયા બીડી પાનનકી;
બીડી પાનનકી નાગરવેન કી ........................... લેતા જાઓ રે ૧
કાથો ચૂનો વારી લવીંગ સોપારી;
એલચી મંગાવું મુલતાનનકી ........................... લેતા જાઓ રે ૨
એક એક બીડી મોરી સાસું નણંદકી;
દૂસરી બીડી મોરે લાલનકી ........................... લેતા જાઓ રે ૩
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસારૂં;
બાજી ખેલાવું સારી રેનનકી ........................... લેતા જાઓ રે ૪
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી;
એટલી અરજ તોરે દાસનકી .......................... લેતા જાઓ રે ૫

શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય

કથા સમાપ્તિ બાદ

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં,
ભક્તિધર્માત્મજં વાસુદેવ હરે ।
માધવં કેશવં કામદં કારણં,
શ્રી સ્વામિનારાયણં નીલકંઠ ભજે ॥

## કીર્તન ૨ - મહારાજ આજ વડતાલથી આવશે

મહારાજ આજ વડતાલથી આવશે,
સંગે લાવશે સંતસમાજ, મોહનવર પધારશે ...... ૧
જયા કહે લલીતાને વાતડી;
આવ્યો કાગળ દિવસ વીત્યા સાત, વાંચીને ઠરી છાતડી ........... ૨
અક્ષર કાગળમાં ઉત્તમ ભૂપના;

કાગળ અવધી પુરી થઈ આજ, દર્શન સુખરૂપનાં ........... ૩
સાત દિવસે મહારાજ સંતો આવશે;
લખ્યા વડતાલથી સમાચાર જરૂર પધારશે .................. ૪
આવી માણકી દાદાના દરબારમાં;
નીરખી સહજાનંદ ભગવાન શોભે અસવારમાં .............. ૫
પ્રેમાનંદ કહે ગઢપુરવાસી આવિયા;
લાવ્યા ભેટ સામગ્રી ને હાર વહાલાને પહેરાવિયા ............. ૬

## કીર્તન ૩ - તારી મૂર્તિ રે

તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;
નેણુંનો શણગાર, મારા હૈડા કેરો હાર ....... તારી... ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન ....... તારી... ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારૂં રૂપ નિહાળી, વ્રજનારીને ધીર ....... તારી... ૨
બાંય જડાઉં બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર ....... તારી... ૩

## નિયમ ચેષ્ટા - પ્રથમ શ્રીહરિને રે

**પદ ૧**

પ્રથમશ્રીહરિને રે, ચરણે શિશ નમાવું,
નૌત્તમલીલા રે, નારાયણની ગાઉ ...૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને,
જેને કાજે રે, સેવે જાય વનને ...૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે,
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે ...૩
સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની
સુણતા સજની રે, બીક મટાડે જમની ...૪
ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી,
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી ...૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે,
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે ...૬
રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા,
કોઈ હરિજનની રે, માગી લઈને માળા ...૭
બેવડી રાખી રે, બબે મણકા જોડે,
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે ...૮
વાતો કરે રે, રમુજ કરીને હસતા,
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા ...૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી,
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી ...૧૦

**પદ - ૨**

સાંભળ સહિયર રે, લીલા નટનાગરની,
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની ...૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે,
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે ...૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે

જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે ...૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે,
સંત હરિજન રે, સામું જોઈ રહે છે. ...૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે. ...૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા,
તેમને જોઈને રે, મગન થાય મહારાજા. ...૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય,
સંત હરિજન રે, નીરખી રાજી થાય. ...૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી,
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી. ...૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે,
પોતે આગળ રે, કથા વંચાય ત્યારે. ...૯
પોતે વાર્તા રે, કરતાં હોય બહુનામી,
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી. ...૧૦

પદ - ૩
મનુષ્યલીલા રે, કરતાં મંગલકારી,
ભક્ત સભામાં રે, બેઠા ભવભયહારી. ...૧
જેને જોતા રે, જાયે જગ આશક્તિ,
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ...૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી,
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી. ...૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત,
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ...૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે,
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે. ...૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી,
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ. ...૬

જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે ...૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે,
સંત હરિજન રે, સામું જોઈ રહે છે. ...૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે. ...૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા,
તેમને જોઈને રે, મગન થાય મહારાજા. ...૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય,
સંત હરિજન રે, નીરખી રાજી થાય. ...૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી,
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી. ...૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે,
પોતે આગળ રે, કથા વંચાય ત્યારે. ...૯
પોતે વાર્તા રે, કરતાં હોય બહુનામી,
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી. ...૧૦

પદ - ૩

મનુષ્યલીલા રે, કરતાં મંગલકારી,
ભક્ત સભામાં રે, બેઠા ભવભયહારી. ...૧
જેને જોતા રે, જાયે જગ આશક્તિ,
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ...૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી,
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી. ...૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત,
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ...૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે,
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે. ...૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી,
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ. ...૬
ભક્ત પોતાના રે, તેને શ્યામસુજાણ,

ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ...૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને,
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને. ...૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ,
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ. ...૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન,
પ્રેમાનંદ કહે રે સાદ કરે ભગવાન. ...૧૦

પદ - ૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી,
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ...૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે,
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે. ...૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી,
તેને રાખે રે, આંખો ઉપર દાબી. ...૩
ક્યારેક પોતે રે રાજીપામાં હોય,
વાતો કરે રે, કથા વંચાય તોયે. ...૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે,
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે. ...૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે,
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ...૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે,
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે. ...૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય,
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય. ...૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની,
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની. ...૯
એમહરિ નિત્ય રે, આનંદરસ વરસાવે,
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે. ...૧૦

પદ - ૫

ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ...૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને,
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને. ...૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ,
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ. ...૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન,
પ્રેમાનંદ કહે રે સાદ કરે ભગવાન. ...૧૦

**પદ - ૪**

મોહનજીની રે, લીલા અતિ સુખકારી,
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ...૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે,
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે. ...૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી,
તેને રાખે રે, આંખો ઉપર દાબી. ...૩
ક્યારેક પોતે રે રાજીપામાં હોય,
વાતો કરે રે, કથા વંચાય તોયે. ...૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે,
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે. ...૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે,
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ...૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે,
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે. ...૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય,
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય. ...૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની,
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની. ...૯
એમહરિ નિત્ય રે, આનંદરસ વરસાવે,
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે. ...૧૦

**પદ - ૫**

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારિ,
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી. ...૧
થાય મનોહર રે, મોહન મનુષ્ય જેવા,
રૂપ અનુપમરે, નિજ જનને સુખ દેવા. ...૨
ક્યારેક ઢોલીયે રે, બેસે શ્રી ઘનશ્યામ,
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ. ...૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે,
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ...૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી,
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ...૫
ઘણુંક બેસે રે, તકિયે, ઓઠીંગણ દઈને,
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને. ...૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી,
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ...૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ,
છાતી  માંહી રે, ચરણ કમળ દે નાથ. ...૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી,
ક્યારેક આપેરે, અંગના વસ્ત્ર ઉતારી. ...૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ,
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ. ...૧૦

**પદ - ૬**

એવા કરે રે, ચરિત્ર પાવનકારી,
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ...૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે,
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ...૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને,
છીંક ખાય રે, મુખ પર આડો દઈને. ...૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ,
મુખ પર આડો રે, રૂમાલ લઈ સુખધામ. ...૪

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારિ,
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી. ...૧
થાય મનોહર રે, મોહન મનુષ્ય જેવા,
રૂપ અનુપમરે, નિજ જનને સુખ દેવા. ...૨
ક્યારેક ઢોલીયે રે, બેસે શ્રી ઘનશ્યામ,
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ. ...૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે,
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ...૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી,
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ...૫
ઘણુંક બેસે રે, તકિયે, ઓઠીંગણ દઈને,
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને. ...૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી,
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ...૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ,
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ. ...૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી,
ક્યારેક આપેરે, અંગના વસ્ત્ર ઉતારી. ...૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ,
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ. ...૧૦

**પદ - ૬**

એવા કરે રે, ચરિત્ર પાવનકારી,
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ...૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે,
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ...૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને,
છીંક ખાય રે, મુખ પર આડો દઈને. ...૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ,

મુખ પર આડો રે, રૂમાલ લઈ સુખધામ. ...૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ,
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ. ...૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,
પર દુઃખકારી રે, વારી બહુનામીનો. ...૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય. ...૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરૂણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે. ...૮
ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી,
ચાલે જમણા રે, કર કેડે ઉપર મેલી. ...૯
ક્યારેક ડાબો રે, કર કેડે ઉપર મેલી,
ચાલે વ્હાલો રે, પ્રેમાનંદનો હેલી. ...૧૦

**પદ - ૭**

નિતનિત નૌત્તમરે, લીલા કરે હરિરાય,
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ...૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે,
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે. ...૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે,
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ...૩
ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી,
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ...૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ,
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ. ...૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ,
સંત હરિજનને, પીરસવાને કાજ. ...૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણું પીરસતાં,
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં. ...૭

*મુખ પર આડો રે, રૂમાલ લઈ સુખધામ. ...૪*
*ક્યારેક વાતો રે, કરતા થકા દેવ,*
*છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ. ...૫*
*અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,*
*પર દુઃખકારી રે, વારી બહુનામીનો. ...૬*
*કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,*

પદ–૧
હવે મારા વહાલાને નહિ રે વિસારું રે,
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે ......... ૧
પડયું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે ......... ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે ......... ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે ......... ૪
દુરિજન મન રે માને તેમ કહેજો રે,
સ્વામી મારા હ્દયની ભીતર રહેજો રે ......... ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે ......... ૬

પદ–૨
હવે મારા વ્હાલાનાં દર્શન સારૂં;
હરિજન આવે હજારે હજારૂં ......... ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી;
પૂરણ પુરુષોત્તમ અંતરજામી ......... ૨
સભા મધ્યે બેઠાં મુનિના વૃંદ;
તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ ......... ૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી;
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી ......... ૪
તાળી પાડે ઉપડતી અતિ સારી;

ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી ......... ૫
પાઘડલીમાં છોગલીયું અતિ શોભે;
જોઈ જોઈ હરિજનનાં મન લોભે ......... ૬
પધાર્યા વ્હાલો સર્વે તે સુખના રાશિ;
સહજાનંદ અક્ષરધામના વાસી ......... ૭
ભાંગી મારી જન્મો જનમની ખામી;
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી ......... ૮

રાગ : બિહાગ

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ, સંતન કે વિશ્રામ ...........પોઢે૦૧
અક્ષરપર આનંદ ઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ .......પોઢે૦૨
શારદ શેષ મહેશ મહા મુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી, હોવત જન નિષ્કામ .....પોઢે૦૩
પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરન ઢીગ ગુન, ગાવત આઠો જામ ....પોઢે૦૪

રાગ : ગરબી

રે શ્યામ તમે સાચું નાણું,
બીજું સર્વે દુઃખદાયક જાણું. ..... રે શ્યામ૦
રે તમ વિના સુખસંપત્ત કહાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે. ..... રે શ્યામ૦
રે મુરખ લોક મરે ભટકી, જુઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મન વૃત્તિ અટકી. ..... રે શ્યામ૦
છે અખંડ અલૌકિક સુખ સારૂં, તે જોઈ જોઈ મન મોહ્યું મારૂં;
ધરા ધન તમ ઉપર વારૂં. ..... રે શ્યામ૦
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું. .....રે શ્યામ૦

## ધ્યાન ચિંતામણિ (વંદુ સહજાનંદ રસરૂપ ...)

પદ - ૧

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમસારનો રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારનો રે લોલ.
સમરુ પ્રગટ રૂપ સુખધામ, અનુપમનામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ.
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ ;
જેને શેષ સહસ્ત્ર મુખ ગાય, નિગમનેતિ કહે રે લોલ.
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ.

પદ - ૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ;
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલડીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલા ખોસું છેલ, ખાંતીલા જોઉ ખાંતમાં રે લોલ;
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડા કર્યા રે લોલ;
વહાલા તારા વામકરણમાં તિલ, તેણે મનડાં હર્યા રે લોલ.
વહાલા તારી ભ્રુકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

પદ - ૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલમતારા વ્હાલમાં રે લોલ;
મન મારું તલપે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ;
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન જોયા જેવી ચાલ છે રે લોલ;
વહાલા તાર દંત દાડમના બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ;
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજુ હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ, કે તમકેડે ભમે રે લોલ.

પદ - ૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમસાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

પદ - ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમછાપ, જોઈને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ.

પદ - ૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.
વહાલા તારું રૂપ અનુપમગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.

પદ - ૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમસાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

પદ - ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમછાપ, જોઈને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ.

પદ - ૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.
વહાલા તારું રૂપ અનુપમગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;

## *પોઢા પોઢા સહજાનંદ સ્વામી,*

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અંખિયામાં નિંદરા ભરાણી રે... પોઢો
હાંરે તમે માથેથી પાઘ ઉતારો;
પછી તમે બનાતની ટોપી ધારો રે.. પોઢો
હાંરે તમે જરકસી જામો ઉતારો;
પછી હીરકોરી ધોતી ધારો રે... પોઢો
હાંરે તમે કેડનો પટકો છોડો;
પછી શાલ દુશાલા ઓઢો રે... પોઢો
હાંરે પોઢયા પ્રેમાનંદના સ્વામી;
સખી જોઈ જોઈ આનંદ પામી રે... પોઢો

## *પોઢો પ્રાણના આધાર*

*પોઢો પ્રાણના આધાર રજની થઈ ઘણીવાર,*
*સુખ સૈયા બિછાવી મેં તો કરી છે તૈયાર...*
*ગાદી તકીયા ગાલમસુરીયા ગુણવંતા ગીરધારી,*
*આપ પોઢો પાવલીયા ચાંપુ એજ આશા અમારી... પોઢો પ્રાણના આધાર... ૧*
*મખમલના ઓસીકા મેલ્યા છત્ર પલંગ સાથે,*
*મખમલના ઓછાડ ઉપર મન મોહન બિરાજો... પોઢો પ્રાણના આધાર... ૨*
*અક્ષરવાસી અહીં બિરાજ્યા કરવા શયન કાજ,*
*હરિજનોને બહુ આનંદ આપી પોતે શ્રીજી મહારાજ... પોઢો પ્રાણના આધાર... ૩*
*અનુપમ અત્તર છાટી દીધા સુખસૈયાને માય,*
*આપ પાવન કરવા હું પાસે બેસું કરમા પંખો લઈ હાથ...પોઢો પ્રાણના આધાર...૪*
*દીપક મહી જળ હાલે કંચન ભુવન મોજાર,*
*પ્રભુદાસ પાવલીયા ચાંપે હરીએ આપ્યો હાર... પોઢો પ્રાણના આધાર... ૫*

જય

શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી રાધાકૃષ્ણદેવની જય
શ્રી નરનારાયણદેવની જય
શ્રી લક્ષ્મીનારાયણદેવની જય
શ્રી નીલકંઠવર્ણી મહારાજની જય
શ્રી સિદ્ધેશ્વર મહાદેવની જય
શ્રી વિઘ્નવિનાયકદેવની જય
શ્રી કષ્ટભંજનદેવની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

## શ્રી જનમંગલ નામાવલી

ૐ અવતારિણે શ્રી સ્વામિનારાયણાય નમઃ

૧. ૐ શ્રી શ્રીકૃષ્ણાય નમઃ
૨. ૐ શ્રી શ્રીવાસુદેવાય નમઃ
૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ
૪. ૐ શ્રી પ્રભવે નમઃ
૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ
૬. ૐ શ્રી અજન્મને નમઃ
૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ
૮. ૐ શ્રી નારાયણાય નમઃ
૯. ૐ શ્રી હરયે નમઃ
૧૦. ૐ શ્રી શ્રી હરિકૃષ્ણાય નમઃ
૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ
૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ
૧૩. ૐ શ્રી ભક્તિનંદનાય નમઃ
૧૪. ૐ શ્રી બ્રહદ્વ્રતધરાય નમઃ
૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ
૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ

૧૭. ૐ શ્રી મરુતુસુતપ્રિયાય નમઃ
૧૮. ૐ શ્રી કાલિભૈરવાદ્યતિભીષણાય નમઃ
૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ
૨૦. ૐ શ્રી જીતાહારાય નમઃ
૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ
૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ
૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ
૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ
૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ
૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ
૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ
૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ
૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ
૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ
૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ
૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ
૩૩. ૐ શ્રી તપઃપ્રિયાય નમઃ
૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ
૩૫. ૐ શ્રી સ્વતંત્રાય નમઃ
૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ
૩૭. ૐ શ્રી પાખંડોચ્છેદનપટવે નમઃ
૩૮. ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ
૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ
૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ
૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ
૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ
૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ
૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમઃ
૪૫. ૐ શ્રી સાધુશીલાય નમઃ
૪૬. ૐ શ્રી સાધુવિપ્રપૂજકાય નમઃ

૧૭. ૐ શ્રી મરુતુસુતપ્રિયાય નમઃ
૧૮. ૐ શ્રી કાલિભૈરવાદ્યતિભીષણાય નમઃ
૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ
૨૦. ૐ શ્રી જીતાહારાય નમઃ
૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ
૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ
૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ
૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ
૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ
૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ
૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ
૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ
૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ
૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ
૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ
૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ
૩૩. ૐ શ્રી તપઃપ્રિયાય નમઃ
૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ
૩૫. ૐ શ્રી સ્વતંત્રાય નમઃ
૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ
૩૭. ૐ શ્રી પાખંડોચ્છેદનપટવે નમઃ
૩૮. ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ
૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ
૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ
૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ
૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ
૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ
૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમઃ
૪૫. ૐ શ્રી સાધુશીલાય નમઃ
૪૬. ૐ શ્રી સાધુવિપ્રપૂજકાય નમઃ

૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ
૪૮. ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ
૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ
૫૦. ૐ શ્રી સ્વામિને નમઃ
૫૧. ૐ શ્રી કાલદોષનિવારકાય નમઃ
૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ
૫૩. ૐ શ્રી સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ
૫૪. ૐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ
૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમઃ
૫૬. ૐ શ્રી કલિતારકાય નમઃ
૫૭. ૐ શ્રી પ્રકાશરૂપાય નમઃ
૫૮. ૐ શ્રી નિર્દંભાય નમઃ
૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ
૬૦. ૐ શ્રી ભક્તિસંપોષકાય નમઃ
૬૧. ૐ શ્રી વાગ્મીને નમઃ
૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ
૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ
૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ
૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ
૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ
૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃતે નમઃ
૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ
૬૯. ૐ શ્રી અપરાજીતાય નમઃ
૭૦. ૐ શ્રી આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ
૭૧. ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ
૭૨. ૐ શ્રી ઉદારાય નમઃ
૭૩. ૐ શ્રી સહજાનંદાય નમઃ
૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫. ૐ શ્રી કંદર્પદર્પદલનાય નમઃ
૭૬. ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ

**ફગવા :**

રંગ સોરંગે રંગ્યા રંગીલો, રસ બસ થયા છે છબિલો ॥
પછી નાથ કહે સુણો તમે, માગો ફગવા તે આપિયે અમે ॥૧॥
એમ કરી અલબેલે વાત, સુણી જન થયા રળિયાત ॥
વર માગશું અમે મહારાજ, દેજ્યો રાજી થઈ તમે રાજ ॥૨॥
ત્યારે રાજ કહે રાજી છૈયે, માગો મન માન્યું અમે દૈયે ॥
ત્યારે બોલ્યા જન જોડી હાથ, તમ પાસે એ માગિયે નાથ ॥૩॥
મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી ॥
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥૪॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન ॥
જેજે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ ॥૫॥
સત્સંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે ॥
દેશ કાળ ને ક્રિયાએ કરિ, કેદી તમને ન ભુલિયે હરિ ॥૬॥
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ ॥
તમને ભજતાં આડું જે પડે, માગીયે એ અમને ન નડે ॥૭॥
એટલું માગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ॥
વળી ન માગીએ અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥૮॥
કેદિ દેશોમા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ॥
કેદિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥૯॥
કેદિ દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ ॥
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈરષા કાંઈ ॥૧૦॥
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ ॥
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ ॥૧૧॥
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય ॥
એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે ॥૧૨॥
પછી બોલીયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર ॥
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ ॥૧૩॥
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમઝશો સદા અદોષ ॥
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત ॥૧૪॥
દીધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા ॥
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી ॥૧૫॥

## શ્રી હનુમાન ચાલીસા

દોહા

શ્રી ગુરુચરન સરોજ રજ નિજ મનુ મુકુર સુધારી,
બરનઉ રઘુબર બિમલ જશુ, જો દાયકુ ફલ ચારી ॥૧॥
બુધ્ધિહીન તનુ જાનિ કે, સુમિરોં પવન કુમાર,
બલબુધ્ધિ વિદ્યા દેહુ મોહી, હરહુ કલેશ વિકાર ॥૨॥

ચોપાઈ

જય હનુમાન જ્ઞાન ગુન સાગર, જય કપીશ તિહું લોક ઉજાગર,
રામદૂત અતુલીત બલ ધામા, અંજનિપુત્ર પવનસુત નામા ... ॥૩॥
મહાબીર વિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિ કે સંગી,
કંચન બરન બિરાજ સુવેસા, કાનન કુંડલ કુંચિત કેસા ... ॥૪॥
હાથ બજ ઓર ધ્વજા બિરાજે, કાંધે મૂઁજ જનેઉ સાજૈ,
શંકર સુવન કેસરી નંદન, તેજ પ્રતાપ મહા જગ વંદન ... ॥૫॥
વિદ્યાવાન ગુની અતિ ચાતુર, રામકાજ કરિ બે કો આતુર,
પ્રભુ ચરિત્ર સુનીબે કો રસિયા, રામ- લખન સીતા મન બસીયા. ॥૬॥
સુક્ષ્મ રુપ ધરી સિયહિં દિખાવા, વિકટ રુપ ધરી લંક જરાવા,
ભીમ રુપ ધરી અસુર સંહારે, રામચંદ્ર કે કાજ સંવારે ... ॥૭॥
લાય સંજીવન લખન જિયાયે, શ્રી રઘુબીર હરષિ ઉર લાયે,
રઘુપતિ કીન્હી બહુત બડાઈ, તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ .. ॥૮॥
સહસ્ત્ર બદન તુમ્હરો જશ ગાવૈ, અસ કહી શ્રીપતિ કંઠ લગાવૈ,
સનકાદિક બ્રહ્માદિ મુનીશા, નારદ શારદ સહિત અહીસા ... ॥૯॥
યમ કુબેર દિગપાલ જહાં તે, કબી કોબિદ કહિ સકે કહાઁ તે,
તુમ ઉપકાર સુગ્રીવહિં કીન્હા, રામ મિલાય રાજપદ દીન્હા ... ॥૧૦॥
તુમ્હરો મંત્ર વિભિષન માના, લંકેશ્વર ભયે સબ જગ જાના,
જુગ સહસ્ત્ર જોજન પર ભાનુ, લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ... ॥૧૧॥
પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહી, જલધિ લાંધી ગયે અચરજ નાહિ,

**શ્રી હનુમાન ચાલીસા**

દોહા

શ્રી ગુરુચરન સરોજ રજ નિજ મનુ મુકુર સુધારી,
બરનઉ રઘુબર બિમલ જશુ, જો દાયકુ ફલ ચારી ॥૧॥
બુધ્ધિહીન તનુ જાનિ કે, સુમિરોં પવન કુમાર,
બલબુધ્ધિ વિદ્યા દેહુ મોહી, હરહુ કલેશ વિકાર ॥૨॥

ચોપાઈ

જય હનુમાન જ્ઞાન ગુન સાગર, જય કપીશ તિહું લોક ઉજાગર,
રામદૂત અતુલીત બલ ધામા, અંજનિપુત્ર પવનસુત નામા ... ॥૩॥
મહાબીર વિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિ કે સંગી,
કંચન બરન બિરાજ સુવેસા, કાનન કુંડલ કુંચિત કેસા ... ॥૪॥
હાથ બજ્ર ઔર ધ્વજા બિરાજે, કાંધે મૂઁજ જનેઉ સાજૈ,
શંકર સુવન કેસરી નંદન, તેજ પ્રતાપ મહા જગ વંદન ... ॥૫॥
વિદ્યાવાન ગુની અતિ ચાતુર, રામકાજ કરિ બે કો આતુર,
પ્રભુ ચરિત્ર સુનીબે કો રસિયા, રામ- લખન સીતા મન બસીયા. ॥૬॥
સુક્ષ્મ રુપ ધરી સિયહિં દિખાવા, વિકટ રુપ ધરી લંક જરાવા,
ભીમ રુપ ધરી અસુર સંહારે, રામચંદ્ર કે કાજ સંવારે ... ॥૭॥
લાય સંજીવન લખન જિયાયે, શ્રી રઘુબીર હરષિ ઉર લાયે,
રઘુપતિ કીન્હી બહુત બડાઈ, તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ .. ॥૮॥
સહસ્ત્ર બદન તુમ્હરો જશ ગાવૈ, અસ કહી શ્રીપતિ કંઠ લગાવૈ,
સનકાદિક બ્રહ્માદિ મુનીશા, નારદ શારદ સહિત અહીસા ... ॥૯॥
યમ કુબેર દિગપાલ જહાં તે, કબી કોબિદ કહિ સકે કહાઁ તે,
તુમ ઉપકાર સુગ્રીવહિં કીન્હા, રામ મિલાય રાજપદ દીન્હા ... ॥૧૦॥
તુમ્હરો મંત્ર વિભિષન માના, લંકેશ્વર ભયે સબ જગ જાના,
જુગ સહસ્ત્ર જોજન પર ભાનુ, લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ... ॥૧૧॥
પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહી, જલધિ લાંધી ગયે અચરજ નાહિ,
દુર્ગમ કાજ જગત કે જેતે, સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે ... ॥૧૨॥

## પ્રાર્થના - નમન હું કરું

નમન હું કરું વિશ્વ પાળને,
કરગરી કહું, ભક્તિ બાળને;
અરજ માહરી, ઉરમા ધરો,
વિપતિ માહરી, શ્રી હરિ હરો.......................... ૧

અવર આશરો, માહરે નથી,
સર્વજાણને શુ કહું કથી;
કઠણ કાળમાં, આપછો ધણી,
સુખદ શ્યામળા, મુક્તિના મણિ ....................... ૨

અમરના પતિ, આશ તાહરી,
રસિક રાખજો, લાજ માહરી;
પ્રણત પાળ છો, સર્વના પ્રભુ,
દીનદયાળ છો, વિશ્વના વિભુ......................... ૩

વિમળ મૂર્તિ, ઉરમા વસો,
નજરથી પ્રભુ, દુરના થશો;
અધિક ત્રાસને, તોડી નાખજો,
બ્રહ્માનંદને, પાસે રાખજો ......................... ૪

શ્રી સહજાનંદસ્વામી મહારાની જય